Registered Under RNI No. GUJGUJ/2007/20537 date 24-07-07 Permitted to Post at PSO on last day of month Regd. Under Postal Regd. No. GAMC-705/ 2016-18 issued by SSP Ahmedabad valid & Renewed upto Dt. 31-12-2018
LPWP No. CPMG / GJ / 94-2014 valid & Renewed upto 31-12-2018
Published on 27th Every Month

## શ્રી બાજખેડાવાળ વિદ્યાર્થી સહાયક સહકારી મંડળી લી.

શ્રી બાજખેડાવાળ વિદ્યાર્થી સહાયક સહકારી મંડળી લી.ના અગાઉ શેર ભંડોળ મંજૂર થયેલ તે પૂર્ણ થયેલ હોવાથી નવા શેરની રકમ લેવાની બંધ કરેલ તેમજ નવા સભાસદો પણ બનાવવાના બંધ કરેલ મહેરબાન રજીસ્ટ્રારશ્રી સહકારી મંડળીઓ દ્વારા તા. ૩૦–૦૧–૨૦૧૭ના રોજ નવું શેર ભંડોળ રૂ. ૧૫,૦૦,૦૦૦/– સુધી વધારી આપવામાં આવેલ હોવાથી હવે નવા શેરની રકમ જરૂરી ફોર્મ તથા જન્મનો દાખલો લઈ નિયત રકમ ભરેથી સભાસદ બનાવવાનું શરૂ કરવામાં આવેલ છે. જેની નોંધ લઈ જ્ઞાતિજનો શેર સભાસદ બની શકે છે.

### સુધારો

- જાન્યુઆરી અંકના પાના નં. ૪૪ ઉપર મિતેશ કૌશિકકુમાર મહેતાના જન્માક્ષરમાં ગોત્ર – જાતુનસ, નોકરી – યુ.જી.વી.સી.એલ. (જી.ઈ.બી.) વાંચવું.

### શૈક્ષણિક સમાચાર

- મૂળ વતન નડીયાદ હાલ–અમદાવાદના રહીશ મહેન્દ્રભાઈ પરસોત્તમદાસ ઢગટના પૌત્ર ચિ. જય ઢગટના પુત્ર, શ્રી દિનેશભાઈ–રેખાબેન ઢગટના ભત્રીજા – સ્મિતા – તુષારાના ભત્રીજા અને અર્જૂન ઢગટના મોટાભાઈ Master of Science (MS) in Management of Information Sytem (MIS) graduated in December -2016 GPA 3.76 મેળવી University of Illinois oat Chicago (UK) માંથી ઉત્તિર્ણ થયા છે. હાલમાં જોબ સ્વીકારી છે. તેમના તરફથી રૂ. ૩૫૦/– સંસ્થાને ભેટ મળેલ છે.

To,

**માલિક – પ્રકાશક – મુદ્રક – પ્રકાશન સ્થાન**
**શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા વતી અને તરફથી શ્રી અશ્વિનભાઈ સી. દવે** દ્વારા ઘર્મેશ પ્રિન્ટોરીયમ, પ્રેસ, બી–૬, ૨૩ અને ૧૨–બી અગ્રવાલ ઈન્ડસ્સ્ટ્રીયલ એસ્ટેટ, અગ્રવાલ આઈસ ફેક્ટરી કંમ્પાઉન્ડ, દુધેશ્વર, અમદાવાદમાં છપાવી બાજખેડાવાળ પત્રિકા નં.૧–૨, રામેશ્વર ફલેટ, બાજખેડાવાળ સોસાયટી પાસે, મણિનગર (પૂર્વ), અમદાવાદ–૮થી પ્રકાશિત કર્યું. ફોન : ૨૨૭૨૦૩૯૩
(M) 9898535030, 9974127810



# બાજખેડાવાળ પત્રિકા

बाजखेडावाल पत्रिका **Bajkhedawal Patrika**



વર્ષ : ૧૧ ૨૦૧૭ : ફેબ્રુઆરી
અંક : ૦૨ આજીવન : રૂ. ૬૦૦/–

**: તંત્રી :**
**શ્રી અશ્વીનભાઈ સી. દવે**
ખેડાવાળ મહોલ્લો, વસો. (મો.) ૯૯૯૮૦૦૫૨૯૯

**: પ્રકાશક :**
**શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા**
**શ્રી વિદ્યાબેન ચંદ્રપ્રસાદ ત્રિવેદી ભવન**
૧–૨, રામેશ્વર ફલેટ, બાજખેડાવાળ સોસાયટી પાસે, મણિનગર (પૂ.), અમદાવાદ–૮.
ટેલીફોન નંબર : ૨૨૭૨૦૩૯૩,
કાર્યાલયનો સમય સવારે : ૧૦.૩૦ થી ૫.૩૦

## શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા

### પત્રિકાના આજીવન સભ્ય રૂા. ૬૦૦/–

| | | | |
|---|---|---|---|
| ૧. | શ્રી પરમ હેમંતકુમાર દવે | અમદાવાદ | ૪૪૪૭ |
| ૨. | શ્રી પાર્થ કમલેશભાઈ જોષી | વડોદરા | ૪૪૪૮ |
| ૩. | શ્રી જયેશ નવીનચંદ્ર ભટ્ટ | પુના | ૪૪૪૯ |
| ૪. | શ્રી દિનેશકુમાર હર્ષદરાય દવે | આણંદ | ૪૪૫૦ |
| ૫. | શ્રી પ્રકાશકુમાર પ્રમોદલાલ જોષી | આણંદ | ૪૪૫૧ |

### પત્રિકાના આજીવન સભ્ય – પરદેશ રૂા. ૬૦૦૦/–

| | | |
|---|---|---|
| ૧. | શ્રી દીલીપ આર. ઠાકર | યુ.એસ.એ. |

## શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા

### સંસ્થાના આજીવન સભ્ય – રૂા. ૧૦૧/–

| | | |
|---|---|---|
| ૧. | શ્રી કશ્યપ મહેશભાઈ દવે | આણંદ |
| ૨. | શ્રી ચિન્મય રજનીકાન્ત દવે | આણંદ |
| ૩. | શ્રી મુકેશકુમાર ગોવિંદભાઈ દવે | આણંદ |
| ૪. | શ્રી ચિરાગ ભૂપેન્દ્રભાઈ શેલત | આણંદ |
| ૫. | શ્રી સમીર રાજેન્દ્રપ્રસાદ શેલત | આણંદ |
| ૬. | શ્રી ભરતકુમાર સુંદરલાલ ભટ્ટ | ઉમરેઠ |
| ૭. | શ્રી દેવેન્દ્ર પ્રભાશંકર દવે | આણંદ |
| ૮. | શ્રી મૌલિક દેવેન્દ્રભાઈ દવે | આણંદ |

## શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભાના

### વિશિષ્ટ સહાય ફંડના દાતાશ્રીઓ

| | | |
|---|---|---|
| ૧. | શ્રી સ્મિતાબેન રમેશચંદ્ર ભટ્ટ<br>હસ્તે – શ્રી રમેશચંદ્ર ભટ્ટ પરિવાર – અમદાવાદ | રૂ. ૧૫૫૧/– |
| ૨. | સ્વ. નવીનભાઈ લાલશંકર ઠાકર<br>હસ્તે – શ્રી નિલેશ નવીનભાઈ ઠાકર – અમદાવાદ | રૂ. ૧૫૫૧/– |
| ૩. | સ્વ. નયનાબેન નવીનભાઈ ઠાકર<br>હસ્તે – શ્રી નિલેશ નવનીતભાઈ ઠાકર – અમદાવાદ | રૂ. ૧૫૫૧/– |
| ૪. | સ્વ. શ્રી વિષ્ણુપ્રસાદ અચરતલાલ શેલત<br>હસ્તે – પ્રફુલ્લાબેન દિનેશભાઈ | રૂ. ૧૦,૦૦૦/– |

### અવસાન નોંધ

- નડીયાદ નિવાસી સરોજબેન સુરેશચંદ્ર મહેતાનું દુ:ખદ અવસાન તા. ૨૭–૧–૨૦૧૭ના રોજ નડીયાદ મુકામે થયેલ છે. તેમના સુપુત્રી કલ્પનાબેન કિરીટકુમાર દવે તરફથી પત્રિકાને રૂ. ૨૦૦/– સ્મૃતિભેટ મળેલ છે.
- ઉમરેઠ હાલ વડોદરા નિવાસી શ્રી મહેન્દ્રભાઈ જયશંકર દવે ઉમર વર્ષ ૮૦ પૂર્ણ કરી તા. ૩૦–૦૧–૨૦૧૭ના રોજ દેવલોક પામ્યા છે. તેમના પરિવાર તરફથી બાજખેડાવાળ પત્રિકાને રૂ. ૧૦૧/– સ્મૃતિભેટ મળેલ છે.
- મુંબઈ નિવાસી હસુબેન હરીહરરાય દવેનું દુ:ખદ અવસાન તા. ૧૯ જાન્યુઆરી ૨૦૧૭ના રોજ થયેલ છે. પ્રભુ તેમના આત્માને શાંતિ આપે તેમના ભાઈ શ્રી નવીનચંદ્ર વિજયપ્રસાદ દેસાઈ (અમદાવાદ) તરફથી પત્રિકાને રૂ. ૨૫૧/– સ્મૃતિભેટ મળેલ છે.
- મૂળ મહુધાના હાલ મુંબઈ નિવાસી નિલકંઠભાઈ મનુભાઈ દેસાઈનું દુ:ખદ અવસાન તા. ૨–૧૧–૨૦૧૬ના રોજ થયેલ છે. તેમના આત્માને પ્રભુ શાંતિ અર્પે. શ્રી સુશીલાબેન દેસાઈ તરફથી પત્રિકાને રૂ. ૫૦૧/– સ્મૃતિભેટ મળેલ છે.
- મૂળ મળેળાવના વતની શ્રી અજયભાઈ હરિશંકર દવેનું દુ:ખદ અવસાન તા. ૩–૨–૨૦૧૭ના રોજ શારીરિક બીમારીના કારણે થયેલ છે. પ્રભુતેમના આત્માને ચિરશાંતિ અર્પે તેવી દવે પરિવારની પ્રાર્થના સહ. ગં. સ્વ. દિવ્યાબેન અજયભાઈ દવે તથા દવે પરિવાર તરફતી પત્રિકાને રૂ. ૧૦૦/– સ્મૃતિભેટ મળેલ છે.



### જ્ઞાતિ ગૌરવ

- મૂળ ડાકોરના વતની શ્રીજીના સેવક ગોપાલભાઈ હીરાલાલ ખંભોળજાના મોટા દીકરા ડૉ. વ્રજેશ ખંભોળજા (M.Sc., M.Phil, Ph.D. in Mathematics) ને કેનેડાના કાયમી રહેઠાણ વીઝા (PR) મળેલ છે તથા તેઓ ત્યાં સ્થાયી થયેલ છે. ગોપાલભાઈના નાના દીકરા ડો. શ્યામ ખંભોળજા (M.Sc., M.Phil., Ph.D. In Physics) કે જેઓ ભાઈલાલભાઈ એન્ડ ભીખાભાઈ ઈન્સ્ટીટ્યુટ ઓફ ટેકનોલોજી, વલ્લભ વિદ્યાનગર ખાતે ભૌતિક શાસ્ત્રના વ્યાખ્યાતા તરીકે કાર્ય કરે છે. તેઓને બોર્ડ ઓફ રીસર્ચ ઈન ન્યુક્લીઅર સાયન્સ, ભારત સરકાર દ્વારા કુલ રૂ. ૨૦ લાખની રીસર્ચ ગ્રાન્ટ ભારતના મહામહિમ રાષ્ટ્રપતિ વતીથી સચિવે મંજુર કરેલ છે. આ પ્રોજેક્ટ ૩ વર્ષ ચાલશે. જે દરમિયાન ઈન્સ્ટીટ્યુટ ઓફ પ્લાસમાં રીસર્ચ, ગાંધીનગરના સહયોગમાં રીસર્ચ વર્ક કરીને પ્રકાશિત કરવાનું તથા સંબંધિત વહીવટય કાર્ય સંભાળવાનું રહેશે. આ અગાઉ તેઓએ ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સીટીનો ૧ પ્રોજેક્ટ પૂર્ણ કરી ચુક્યા છે. આ પ્રસંગે ગોપાલભાઈ તરફથી રૂ. ૫૦૧/–ની ભેટ પત્રિકાને મળેલ છે.
- કેયુર હરેશ પંડ્યા (વડોદરા) M.S. University માં MWM Uni. માં પ્રથમ આવેલ છે. ત્રણ ગોલ્ડ મેડલ મળેલ છે. WELLINGKAR INST. MUMBAI થી MBA (Finance) સાથે કરેલ છે. તેમના તરફથી રૂ. ૫૦૦/– ભેટ મળેલ છે.

### શુભ સમાચાર

- શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા અને શ્રી બાજખેડાવાળ બ્રાહ્મણ સમાજ, અમદાવાદના ટ્રસ્ટી શ્રી શૈલેષ નટવરલાલ જોષી તથા શ્રીમતી વર્ષાબેન શૈલેષ જોષીના સુપુત્ર ચિ. વરૂણના શુભલગ્ન મુંબઈ નિવાસી શ્રી મહેશકુમાર વાસુદેવ પંડ્યા તથા શ્રીમતી ભાવનાબેન એમ. પંડ્યાની સુપુત્રી ચિ. મોનિકા સાથે તા. ૪–૨–૨૦૧૭ શનિવારના રોજ સંપન્ન થયા છે તે પ્રસંગે પત્રિકાને રૂ. ૧૦૦૧/– ભેટ આપેલ છે.
- હાલ અમદાવાદના રહીશ શ્રી મહેન્દ્રભાઈ પરસોત્તમદાસ ઢગટના પૌત્ર ચિ. જય અતિનભાઈ ઢગટ માસ્તર ઓફ સાયન્સ (એમ.એસ.) ડીસેમ્બર–૨૦૧૬માં યુનિ. સીકાગો ખાતે ઉત્તિર્ણ થયેલ છે. હાલ તેઓએ જોબ સ્વીકારેલ છે. અભિનંદન એ નિમિત્તે રૂ. ૩૫૦/–ભેટ મળેલ છે.
- શ્રી અજીતભાઈ દવે અને જ્યોતિબેન અજીતભાઈ દવે શુભેચ્છા સહ ચિ. વિશાંગી પ્રથમ મેરેજ એનીવર્સરી નિમિત્તે રૂ. ૫૦૦/– પત્રિકાને ભેટ મળે છે.
- શ્રી અજીતભાઈ દવે અને જ્યોતિબેન અજીતભાઈ દવે શુભેચ્છા સહ ચિ. વિશાંગીની વર્ષગાંઠ નિમિત્તે રૂ. ૫૦૦/– પત્રિકાને મળેલ છે.
- આણંદ નિવાસી કલ્પનાબેન કિરીટકુમાર દવેના સુપુત્ર ચિ. રૂચીરકુમારના શુભલગ્ન ચિ. રિદ્ધિ સથે તા. ૨૮–૨–૧૭ના રોજ યોજાયેલ છે તે નિમિત્તે પત્રિકાને રૂ. ૧૦૦૦/– ભેટ મળેલ છે.
- મૂળ ઉમરેઠ નિવાસી સ્વ. પંડ્યા શંકરલાલ મુળજીભાઈના પુત્ર (હાલ આણંદ) એવા અમારા પિતાશ્રી પ.પૂ. પંડ્યા ધીરેન્દ્રકુમાર શંકરલાલ તેમના ૭૫માં વર્ષમાં પ્રવેશનો અમૃત મહોત્સવ તા. ૧૬–૧–૧૭ને સોમવારના રોજ ઉજવવાનો મોકો મળ્યો તે ઘણા આનંદની લાગણી અમો તેમના બાળકો અનુભવીએ છીઓ (૧) દીનાબેન અનંદકુમાર પંડ્યા (યુ.કે.) પુત્રી (૨) હર્ષાબેન સંદિપકુમાર મહેતા (યુ.એસ.એ.) પુત્રી (૩) કપીલ દવે ધીરેન્દ્રકુમાર પંડ્યા (દુબઈ) પુત્ર તેમના તરફથી પત્રિકાને રૂ. ૧૫૧/– ભેટ મળેલ છે.
- મૂળ હાલ દુબઈ સ્થિત અમારા પુત્ર ચિ. કપીલદેવ ધીરેન્દ્રકુમાર પંડ્યાના પુત્ર ચિ. મહર્ષીના યજ્ઞોપવિત સંસ્કાર આપવાનો શુભ અવસર તા. ૧૬–૧–૧૭ને સોમવારના રોજ મળ્યો તે નિમિત્તે ધીરેન્દ્રકુમાર એસ. પંડ્યા અને દેવયાનીબેન ડી. પંડ્યા તરફથી પત્રિકાને રૂ. ૧૦૧/– ભેટ મળેલ છે.
- આણંદ નિવાસી નલીનીબહેન દેવેન્દ્રભાઈ પ્રભાશંકર દવેના સુપુત્ર ચિ. મૌલિકના લગ્ન વડોદરા નિવાસી રીટાબહેન ભરતભાઈ દવેના સુપુત્રી નિરાલી સાથે તા. ૨૦–૦૧–૧૭ના રોજ થયેલ છે. આ પ્રસંગે પત્રિકાને રૂ. ૧૫૧/– ભેટ મળેલ છે.

# તંત્રી લેખ...

*કર્મની ગતિ ન્યારી છે. ગીતાજીમાં પણ ભગવાન શ્રી કૃષ્ણે કહ્યું છે કે તુ કર્મ કર, ફળની આશા રાખીશ નહીં, તુ નિષ્કામ ભાવે કાર્ય કર, જો તમે પ્રમાદિ હો તો તમારુ લક્ષ સિદ્ધ થતું નથી. તમારો વિકાસ રૂંધાય છે. જીવનમાં પ્રગતિ થતી નથી. આળસુ બનીને બેસી ના રહો, મહેનત કરો, કર્મ કરો, પાછળનું બધુ પરમાત્મા ઉપર છોડી દો, કોઈપણ કર્મનું ફળ તુરંત જ પ્રાપ્ત થતું નથી. આંબો વાવો તો સાત વરસે કેરી દેખાય. ફળની આશા રાખ્યા વગર કર્મ કરો અને તે પણ નિષ્કામ ભાવે કરો. પ્રકૃતિના ગુણોને પ્રાપ્ત કરવા કર્મ તો કરવું જ પડે છે.*

*ખેડૂતે હળ લઈ ખેતી કરવી જ પડે નહીં તો અનાજના પાકે, પ્રાણીઓ, પક્ષીઓ, જીવજંતુ બેસી રહેશે તો ખોરાક નહીં મલે, પરંતુ જો ખોરાકની શોધમાં એક જગ્યાએથી બીજી જગ્યાએ પ્રયત્ન કરશે તો ખોરાક મળસે એ તેનું કર્મ છે.*

*કર્મ કરવાથી મન પ્રફુલ્લીત રહેશે. મનને આનંદ મળશે, જીવનની કૂચ વણથંભી હોવી જોઈએ. જે તમારા ઉત્સાહમાં વધારો કરશે. તમારી આત્મશક્તિ ખીલશે. વ્યક્તિનો વિકાસ થશે. જો આપ આપની જાતને સુખી કરવા માંગતા હો તો – આગળ વધવા માંગતા હો તો – પરમ શાંતિ પ્રાપ્ત કરવા માંગતા હો તો – આત્મશક્તિને જાગૃત કરો.*

*કર્મ ફળની અસર જીવન ઉપર – સંતાન ઉપર તથા અવાજ ઉપર પણ થશે. જે જીવ પોતાના જીવનમાં બધુ ઉતારીને કર્મ કરે છે તે જીવના અંતર ચક્ષુ ખુલી જાય છે. જીવનનો ઉદય થાય છે. આ જીવનો સાચો ધર્મ છે.*

*એક મહાન અભિનેત્રીનો હીરાનો હાર ચોરાઈ ગયો તો તે બીજા વડીલ પાસે જઈ ખૂબ રડી. વડીલે કહ્યું "હે પ્રભુ જે ચીજ આપણા માટે રડીના શકે તે ચીજ માટે રડવું નહિ"*

*સમય અને જીંદગીની ભાગદોડમાં સમય તો પાણીનાં રેલાની માફક વહ્યા કરે છે. વિધિની વક્તાએ અનેક નાના મોટા કાર્યો અને ભાગદોડની જીંદગીમાં સમયના અભાવે ન પુરાય તેવી અધુરપ વર્તાય છે.*

*શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા, અમદાવાદ અને બાજખેડાવાળ માસિક પત્રિકા આ બે કોઈ નામ નથી આ કોઈ શબ્દોનો સમુહ નથી પરંતુ એક ધબકતું હૃદય છે. જેમ કોઈ વ્યક્તિ જન્મે પછી ધીમે ધીમે તેનો વિકાસ થાય અને વ્યક્તિ બને તેમ આ બંનેએ પોતાના અસ્તિત્વને એટલુ બધુ ઊંડુ અને વિશાળ બનાવ્યું છે કે બંનેએ વ્યક્તિત્વને પોતાનાં વ્યક્તિત્વને બનાવ્યાં છે માટે મારે મન આ સંસ્થા નથી પણ એક જીવતું-ધબકતું વ્યક્તિત્વ છે.*

*આર્થિક રીતે દુ:ખી વ્યક્તિને મદદ, સમાજ કાજે સમાજ થકી થતા કાર્યક્રમો – ગામે ગામની પ્રવૃત્તિની માહિતી અન્ય સંસ્થાના અહેવાલ વગેરે પ્રગટ કરી સમાજનો તંતુ બંધ જાળવી રાખવામાં બાજખેડાવાળ પત્રિકા ઉમંગ – ઉત્સાહ – નિષ્ઠા – સમર્પણની ઉત્કૃષ્ટ કાર્યો કરી લોક માનસને માહિતગાર કરે છે.*

*"જ્યારે તારો સમય હતો, ત્યારે તારી પાસે સમય ન હતો, ત્યારે તારી પાસે સમય નહોતો" આજે તારી પાસે સમય છે. ત્યારે તારો સમય નથી" કહેવત સાર્થક ન થાય માટે જન સેવા એજ પ્રભુ સેવાનું સૂત્ર પુનિત મહારાજે આપણને આપ્યું છે તેને યથાર્થ કરીને નૈયાનો ભવસગર પાર કરી સહભાગી બનીએ. દીન-દુ:ખીને મદદરૂપ થઈએ. સુખી-સમૃદ્ધ સમાજ બનાવવામાં વાતો કરતાં નગદ આપી સહભાગી બનીએ.*

*ૐ શાંતિ...શાંતિ....શાંતિ....*

***– અશ્વીનભાઈ ચતુરભાઈ દવે – તંત્રી***

## પ્રમુખ સ્થાનેથી...

સર્વે જ્ઞાતિજનોને સાદર પ્રણામ.....

તા. ૨૫-૧૨-૧૬ના રોજ ૨૯મું રાષ્ટ્રિય અધિવેશન હિતવર્ધક સભાના નેજા હેઠળ ખુબ જ હર્ષોલ્લાસ અને આનંદપૂર્વક આપ સર્વેના સાથ, સહકાર, સેવાભાવની ભાવના સાથે "સૌનો સાથ જ્ઞાતિનો વિકાસ" અભિગમ સાથે આપ સર્વે જ્ઞાતિજનોના સહકારથી સમર્પણની ભાવના સાથે પુર્ણ થયું.

વિશિષ્ટ સહાય ફંડ વૃદ્ધિના યજ્ઞની જ્યોત ઉમરેઠ અધિવેશને વધારે પ્રજ્વલિત થઈ છે. જેમાં મારી સાથે ખભેખભા મિલાવીને હિતવર્ધક સભાના અધ્યક્ષશ્રી, ટ્રસ્ટીશ્રીઓ, પૂર્વ પ્રમુખશ્રીઓ, મંત્રીશ્રી અરૂણભાઈ શેલત, અધિવેશન અધ્યક્ષશ્રી શૈલેષભાઈ જોષી, વિવિધ શહેર તથા ગામોના જ્ઞાતિ મંડળોના પ્રમુખશ્રીઓ અને પ્રતિનિધિશ્રી, સર્વે કારોબારીના સભ્યશ્રીઓ, કાર્યકર સભ્યોશ્રી તેમજ દેશ-પરદેશથી પધારેલા જ્ઞાતિજનો પરસ્પર યા પરોક્ષ રીતે ખૂબ જ સાથ સહકાર મળેલ છે. તે બદલ આપ સૌનો ઋણી છું અને આભાર વ્યક્ત કરૂં છું.

ઉમરેઠ અધિવેશન ૪૦ વર્ષ બાદ યુવાન મિત્રોને એટલે કે આપણા ભાવિ પેઢીને તૈયાર કરવાના અભિગમને વાચા મળી અને ૩૦માં રાષ્ટ્રીય અધિવેશનમાં મા ક્ષીરજામ્બાના સાનિધ્યમાં યુવા અધ્યક્ષશ્રી નિરવ મહેન્દ્રભાઈ દવેની વરણીને હેતપૂર્વક આવકારૂં છું.

શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભાની વેબસાઈટ www.abbhs.in સમાજ માટે ખુલ્લી મૂકીને હેતુસિદ્ધિ કરેલ. સંકલ્પ પૂર્ણ થયાનો ખુબ જ આનંદ અનુભવું છું. સર્વે કાર્યો આપ જ્ઞાતિજનોની પ્રેરણા, પીઠબળનો શ્રેય હું મારા સાથી મિત્રો અને મારી ટીમ અને જ્ઞાતિજનોને અર્પણ કરી વંદન કરૂં છું. ઉમરેઠ બાજખેડાવાળ સમાજના પ્રમુખશ્રી દેવેન્દ્ર પંડ્યા અને વિવિધ મંડળોના સહકાર-સહયોગ બદલ આભારની લાગણી વ્યક્ત કરું છું.

– અજીતભાઈ ભીખુભાઈ દવે – પ્રમુખશ્રી
શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા

## શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા
## ૨૯માં રાષ્ટ્રીય અધિવેશન પ્રસંગે
## તા. ૨૫-૧૨-૧૬ના રોજ મળેલ દાનની યાદી

૧. ઉમરેઠના વતની હાલ આણંદ સ્થિત શ્રી ભીખુભાઈ જે. દવે દ્વારા વિ.સહાય ફંડમાં પાંચ બહેનોને (વ્યક્તિ) ૧ વર્ષ માટે વિશિષ્ટ સહાય માટે રૂ. ૧૨૦૦ x ૫ = ૬૦,૦૦૦નો દાન મળેલ છે.

૨. દુબઈ સ્થિત શ્રી દિવ્યાંગભાઈ અરવિંદભાઈ દવે છેલ્લા ૧૦ વર્ષથી સતત દર અધિવેશન પ્રસંગે અંદાજીત રૂ. ૧,૦૦,૦૦૦ કે તેથી ઉપરની રકમ વગર માંગે દર વર્ષે મળતી હોય છે.

– ચાલુ સાલે પણ તેઓ અધિવેશનમાં હાજર રહી શક્ય નહતા પરંતુ રૂ. ૧,૦૦,૦૦૦ વિશિષ્ટ સહાય ફંડમાં મળેલ છે.

– તેઓ તથા તેમના કુટુંબીજનો દ્વારા આજ દીન સુધીમાં અંદાજીત રૂ. ૧૩,૫૦,૦૦૦/-નું દાન મળેલ છે. સંસ્થા તેમની આ મૂક સેવાને બિરદાવે છે અને અહેસાની લાગણી વ્યક્ત કરે છે.





### ૨૯માં રાષ્ટ્રીય અધિવેશન પ્રસંગે, ઉમરેઠ વિશિષ્ટ સહાય ફંડમાં મળેલ રકમ

| | | | |
|---|---|---|---|
| ૧. | શ્રી જવાહરભાઈ એમ. ભટ્ટ | મુંબઈ | રૂ. ૨૫૦૧/- |
| ૨. | સ્વ. શ્રી ગણપતલાલ નારણજી તરવાડી<br>હસ્તે શ્રી વિપુલ ત્રિવેદી | | રૂ. ૫૦૦૧/- |
| ૩. | શ્રી પ્રવિણભાઈ ઈન્દુપ્રસાદ દવે | અમદાવાદ | રૂ. ૧૧૧૧૧/- |
| ૪. | શ્રી કલ્પનાબેન દિનેશભાઈ શુકલ | લંડન | રૂ. ૧૧૦૦૦/- |
| ૫. | શ્રી દિનેશભાઈ મણીશંકર શુકલ | લંડન | રૂ. ૩૧૦૦૦/- |
| ૬. | શ્રી કે. એમ. ભટ્ટ | વડોદરા | રૂ. ૫૦૦૦/- |
| ૭. | અ.નિ.શ્રી ઘનશ્યામપ્રસાદ નાથજીભાઈ શુકલ | ઉમરેઠ | રૂ. ૫૦૦૦/- |
| ૯. | સ્વ. શ્રી વૈકુંઠભાઈ સોમેશ્વર દવે<br>હસ્તે શ્રી દિનેશભાઈ દવે | ઉમરેઠ | રૂ. ૫૦૦૧/- |
| ૯. | શ્રી સુભાષભાઈ એમ. ભટ્ટ | સુરત | રૂ. ૨૫૦૦/- |
| ૧૦. | શ્રી પ્રભાવતીબેન વી. દવે<br>હસ્તે શ્રી છાયાબેન ટી. દવે | મુંબઈ | રૂ. ૧૧,૦૦૦/- |
| ૧૧. | શ્રી બોરીવલ્લી બાજખેડાવાળ સમાજ | મુંબઈ | રૂ. ૨૦૦૧/- |
| ૧૨. | શ્રી અંજનાબેન અશ્વિનભાઈ ભટ્ટ | અમદાવાદ | રૂ. ૫૦૦૧/- |
| ૧૩. | શ્રી દિનેશભાઈ રમણલાલ પંડ્યા | અમદાવાદ | રૂ. ૫૦૦૦/- |
| ૧૪. | શ્રી ઉલ્કાબેન એમ. દવે | અમદાવાદ | રૂ. ૫૦૦૦/- |
| ૧૫. | શ્રા સુધીર વાસુદેવભાઈ ભટ્ટ | યુ.એસ.એ. | ૫૦૧ ડોલર |
| ૧૬. | શેલત બ્રધર્સ<br>હસ્તે – શ્રી અનિલભાઈ સોમેશ્વર શેલત | અમદાવાદ | રૂ. ૨૫૦૦૦/- |
| ૧૭. | શ્રી પુષ્પાબેન લલીતચંદ્ર પંડ્યા | ભરૂચ | રૂ. ૧૫૫૧/- |
| ૧૮. | સ્વ. નિલકંઠરાય હરિહરરાય શુકલ | આણંદ | રૂ. ૧૫૫૧/- |
| ૧૯. | શ્રી મધુકાન્તાબેન શુકલ | આણંદ | રૂ. ૧૫૫૧/- |
| ૨૦. | શ્રી ભીખુભાઈ એમ. જોષી (ગુરૂદેવ) | ઉમરેઠ | રૂ. ૫૦૧/- |
| ૨૧. | શ્રી યોગેશભાઈ બી. શેલત | ઉમરેઠ | રૂ. ૧૦૦૦/- |
| ૨૨. | શ્રી જ્યોતિબેન રાજુભાઈ ઠાકર | યુ.એસ.એ. | રૂ. ૫૦૦/- |
| ૨૩. | સ્વ. નટવરલાલ હિંમતલાલ ઠાકર | ઉમરેઠ | રૂ. ૫૦૦/- |
| ૨૪. | સ્વ. દિનેશકુમાર ધીરજલાલ પંડ્યા | ઉમરેઠ | રૂ. ૫૦૦/- |
| ૨૫. | શ્રી કમળાબેન બાલકૃષ્ણ પંડ્યા | ઉમરેઠ | રૂ. ૧૦૧૧/- |
| ૨૬. | શ્રી કનુભાઈ પી. ઠાકર | વડોદરા | રૂ. ૨૦૦૦/- |
| ૨૭. | શ્રી પિયુષભાઈ નરહરિલાલ દવે | ઉમરેઠ | રૂ. ૫૦૧/- |
| ૨૮. | સ્વ. શ્રી ઓચ્છવલાલ રમણલાલ શેલત<br>સ્વ. શ્રી દિલીપચંદ્ર રમણલાલ શેલત<br>શ્રી કિરીટભાઈ રમણલાલ શેલત<br>હસ્તે શ્રી હેમંતભાઈ શેલત, ગાંધીનગર | અમદાવાદ | રૂ. ૧૧૦૦૦/- |
| ૨૯. | સ્વ. શંકરલાલ મુળજીભાઈ પંડ્યા તથા<br>સ્વ. શાંતાબેન શંકરલાલના સ્મરણાર્થે<br>હસ્તે – ધીરેન્દ્રકુમાર પંડ્યા તથા દેવયાનીબેન પંડ્યા | આણંદ | રૂ. ૫૦૦૦/- |
| ૨૯. | શ્રી તરલ (રાકેશ) એમ. ભટ્ટ | અમદાવાદ | ફૂલહારનું દાન |

## શ્રી બાજખેડાવાળ વિદ્યાર્થી સહાયક સહકારી મંડળી લિ., અમદાવાદ

### ખૂબ જ અગત્યની સૂચના

શ્રી બાજખેડાવાળ વિદ્યાર્થી સહાયક સહકારી મંડળી લિના સભ્યોના બાળકો અથવા વિદ્યાર્થી પોતે સંસ્થાના સભાસદ હોય તેવા ધો. ૧૦, ધો. ૧૨ તથા કોલેજમાં ભણતા વિદ્યાર્થીઓને સંસ્થા દ્વારા ટ્યુશન ફી આપવામાં આવે છે.

આજીવન સભ્યના બાળકો પૂરતી જ આ યોજના છે. પૌત્ર કે પૌત્રી, ભાણા કે ભાણીને આ લાભો આપવામાં આવતા નથી.

લાભ લેનાર વ્યક્તિ પોતે ૧૮ વર્ષ પૂર્ણ કરેલ હોય તો સભ્ય બની શકે છે. સભ્ય બનવા માટે જન્મનો દાખલો તથા રૂ. ૫૧૦/- રોકડા ભરેથી સભાસદ થઈ શકાય. જે તે હિસાબી વર્ષ દરમ્યાન થયેલા સભ્યને હિસાબી વર્ષ બાદ બીજા હિસાબી વર્ષ પછી આ લાભ મળશે.

દા.ત. ૧-૪-૨૦૧૬ થી ૩૧-૩-૨૦૧૭ સુધીના થનાર સભ્યોને ૩૧-૩-૨૦૧૮ પછી આ લાભ મળશે.

ધો. ૧૦ તથા ધો. ૧૨ માટે પરિણામની તારીખથી ૩૦ દિવસની અંદર સંસ્થાની ઓફિસે માર્કશીટ તથા સભાસદ સર્ટીની ઝેરોક્ષ સામેલ કરવાની રહેશે.

ધો.૧૦, ૧૨ અને કોલેજમાં ૨, ૪, ૬ અને ૮ સેમેસ્ટરની માર્કશીટો મોડી આવતી હોવાથી તે લોકોએ ૧, ૩, ૫ અને ૭માં સેમેસ્ટરની માર્કશીટ સામેલ કરી આ લાભ મેળવવા સમયસર એટલે કે ૩૦-૦૬ પહેલા મોકલી આપવાનું રહેશે એટલે કે જે વિદ્યાર્થી ૨૦૧૬-૧૭ના વર્ષ દરમ્યાન અભ્યાસ કરે છે અને પરીક્ષા આપેલ છે તેઓએ છેલ્લા સેમીસ્ટરના રીઝલ્ટની માર્કશીટ બીડવી જરૂરી છે. જેથી આ લાભથી વંચિત રહે નહીં અને શૈક્ષણિક સત્રની શરૂઆતમાં જ ટ્યુશન ફી લાભાર્થીઓને પહોંચે. ગત વર્ષે કુલ ૮૭ વિદ્યાર્થી લાભાર્થીઓને રૂ. ૨૦૦૦/- લેખે આ રકમ ચેકથી ચૂકવવામાં આવેલ છે.

સમયાતરે આ રકમને વધઘટ થવાનો અવકાશ છે.

સમય મર્યાદા બહારની કોઈપણ અરજી નામંજૂરી કરવાનો અબાધીત હક્ક સંસ્થાને છે. ઉપરની સમગ્ર માહિતી વાંચી અમલ કરવા વિનંતી છે.

| | |
|---|---|
| કમલેશભાઈ ભટ્ટ | ભૂપેન્દ્રભાઈ ખંભોળજા |
| મંત્રી | પ્રમુખ |

અને કારોબારી સભ્યોશ્રીઓ





## શ્રી બાજખેડાવાળ એજ્યુકેશન સોસાયટી,

રાજેન્દ્ર માર્ગ, નાના બજાર, વલ્લભ વિદ્યાનગર-૩૮૮૧૨૦, તા. જી. આણંદ.
ફોન – ૦૨૬૯૨-૨૩૨૯૭૮

જય ભારત સાથે જણાવવાનું કે બાજખેડાવાળ એજ્યુકેશન સોસાયટી દ્વારા ચાલુ સાલે બાજખેડાવાળ એજ્યુકેશન સોસાયટીના આજીવન સભ્યના બાળકો માટે કે જેની ઉંમર ૧૨ વર્ષ થી ૩૫ વર્ષ સુધીની હોય તેવા લોકો માટે ટ્રેકીંગ કેમ્પનું આયોજન કરેલ છે વહેલા તે પહેલાના ધોરણે આપ સમયસર સંસ્થાની ઓફિસે આવી નિયત ફોર્મ ભરી રજીસ્ટ્રેશન કરાવી દેશો.

સંખ્યા વહેલા તે પહેલાના ધોરણે ૩૦ નામોનું રજીસ્ટ્રેશન કરવામાં આવશે.

| | | |
|---|---|---|
| ટ્રેકીંગ સાઈટ | – | 'આબુ' (માઉન્ટ આબુ) રાજસ્થાન |
| તારીખ | – | ૨૪ થી ૨૭ એપ્રિલ, ૨૦૧૭ (૩ દિવસ ૪ રાત્રિ) |
| રજીસ્ટ્રેશન ફી | – | પ્રત્યે વ્યક્તિ દીઠ રૂ. ૪૦૦૦/– ભરવાના રહેશે. |

જે નોન રીફન્ડેબલ નોન ટ્રાન્સફરેબલ છે. ટ્રેકીંગ કેમ્પ વિદ્યાર્થી દ્વારા પુરો કરવામાં આવશે તો પરત આવતી વખતે રૂ. ૩૦૦૦/– પરત આપી દેવામાં આવશે ટુંકમાં કેમ્પમાં જોડાનારને જ આ રાહતનો લાભ આપવામાં આવશે.

| | | |
|---|---|---|
| ફોર્મ ભરવાની છેલ્લી તા. | – | તા. ૩૧–૩–૨૦૧૭ |
| પ્રસ્થાન | – | તા. ૨૪–૪–૨૦૧૭ સવારે ૩.૦૦ કલાકે છાત્રાલયથી ઉપડશે |
| પરત | – | તા. ૨૭–૪–૨૦૧૭ સાંજે ૭.૦૦ કલાકે આબુથી ઉપડી રાત્રે ૧૨.૦૦ કલાકે છાત્રાલયે પરત આવશે. |

નોંધ – ટ્રેકીંગ કેમ્પ દરમ્યાન એક ટાઈમ ચા–નાસ્તો, બે ટાઈમ ભોજન, બપોરના ચા અથવા લીંબુ પાણી તથા જવા – આવવાની સગવડ રહેશે.

પ્રવાસ દરમ્યાન (ટ્રેકીંગ દરમ્યાન) થનાર કોઈ પણ અસાધારણ ઈજા કે દુર્ઘટના માટે આયોજક જવાબદાર રહેશે નહીં.

ખાસ નોંધ – ચાલુ સાલે સંસ્થાના આજીવન સભ્યો સિવાયના જ્ઞાતિજનોને જો આવવાનો રસ હોય તો રૂ. ૪૦૦૦/– પુરા ભરવાના રહેશે. ઉપરોક્ત તમામ રકમો બીજાના નામે ટ્રાન્સફર થશે નહીં કે પરત આપવામાં આવશે નહીં.

અનિવાર્ય સંજોગોને કારણે આપના તરફથી હાજર રહી શકો તેમ ન હોવ તો ટ્રેકીંગ કેમ્પની રકમ બીજાના નામે ટ્રાન્સફર થશે નહી કે પરત આપવામાં આવશે નહીં.

કિરીટકુમાર દવે
મંત્રીશ્રી

## શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા-અમદાવાદ
## ૨૯માં રાષ્ટ્રીય અધિવેશન પ્રસંગે વિશિષ્ટ દાન રૂ. ૧૧૦૦૦/-



**શ્રી અજીતભાઈ ભગવતપ્રસાદ શેલત - યુ.એસ.એ.**

અજીત ભગવતપ્રસાદ શેલતનો જન્મ ઉમરેઠમાં મોસાળ ગંગાપોળમાં શ્રી રવીશંકર વ્રજલાલ જોષી (આફ્રીકાવાળા)ને ત્યાં પિતાશ્રીનું નામ ભગવતપ્રસાદ માણેકલાલ શેલત (પાટડી ચકલા) અને માતાશ્રીનું નામ શાન્તાબહેન. પિતાશ્રી વેસ્ટર્ન રેલ્વેમાં હોઈ મારૂ ભણતર જુદા જુદા શહેરોમાં થયું અને એન્જીયરીંગનો અભ્યાસ કરી ૧૯૭૦માં અમેરીકા ગયો. મારા લગ્ન શ્રી ઈશ્વરલાલ નરોત્તમ ભટ્ટની મોટી દીકરી ભારતી સાથે થયા અને સંતાનમાં પુત્ર ચંદ્રેશ Maryland State માં Medical Doctor છે અને પ્રીતિ CA તરીકે Maryland માં છે. હાલ કુટુંબમાં અમે ત્રણ ભાઈ અને ત્રણ બહેનો છે. હરિશ (રેખાબેન), પિનાકીન (Susant) હાલ New Jersey States સ્થાયી થયેલ છે અને બહેનોમાં જ્યોત્સના (વાસુદવે તાપીશંકર દવે), ભારતીબેન (કીરીટકુમાર ડણાક) પણ NJ માં સ્થાયી થયેલા છે અને એક બહેન અમીતા (નરેશ ભટ્ટ) જેઓ Connect માં સ્થાયીય થયેલ છે. આમ અમારૂં સર્વે કુટુંબ અમેરીકા હોવાથી ઉમરેઠમાં અમોને દિપકભાઈ શેલત (પાટપોળ) તથા અલીશા દિપકભાઈ શેલતને ઘરે દર બે વર્ષ મહેમાન ગતી માણવા આગ્રહ કરે છે અને અમે તે આનંદથી સ્વીકારીએ છીએ.





## શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા-અમદાવાદ
## વિશિષ્ટ સહાય ફંડ રૂ. ૧૫૫૧/-ના દાતા
## શ્રદ્ધાંજલી



**સ્વ. શ્રી દિનુભાઈ પ્રાણલાલ દવે**

જન્મ તારીખ - ૦૭-૦૯-૧૯૩૧ સ્વર્ગવાસ ૦૨-૦૨-૨૦૧૭

સ્વ. શ્રી દિનુભાઈ પ્રાણલાલ દવેનો જન્મ ઉમરેઠમાં થયેલ. તેઓશ્રીએ અમદાવાદમાં અભ્યાસ પૂર્ણ કરેલ. લગ્ન બાદ કેટલાંક સમય આફ્રિકામાં રહ્યા બાદ ભારતમાં ૬ વર્ષ વિતાવીને સને ૧૯૬૯માં અમેરિકા પહોંચી ત્યાંજ સ્થાયી થયા. તેઓશ્રી જ્ઞાતિજનોના હિતાર્થ ચિંતિત હતા. તેથી જ સને ૧૯૯૦માં તેમના સ્વ. પિતા શ્રી પ્રાણલાલ વ્રજલાલ દવેના નામથી રૂ. ૩૫ લાખ જેટલી માતબર રકમના ટ્રસ્ટ ફંડની રચના કરી તેનો વહીવટ શ્રી બાજખેડાવાળ કેળવણી અને સંસ્કૃતિ મંડળને સોંપેલ. આ ટ્રસ્ટ ફંડના મુખ્ય બે ઉદ્દેશ હતા (૧) જ્ઞાતિજનો સ્વાવલંબી થવા લઘુ ઉદ્યોગો સ્થાપી શકે તે માટે રાહતદરે લોન આપવી (૨) જરૂરતમંદ વિદ્યાર્થીઓને ટેકનીકલ/વ્યવસાયિક ક્ષેત્રે ઉચ્ચ અભ્યાસ માટે શૈક્ષણિક સહાય આપવી. અત્યાર સુધીમાં કુલ ૧૫૦ થી વધારે જ્ઞાતિજનોને ધંધાર્થે લોન આપવામાં આવી છે. તેમજ જ્ઞાતિ વિદ્યાર્થીઓને રૂ. ૪૫ લાખથી વધારે શૈક્ષણિક સહાય આપવામાં આવેલ છે.

તેઓ તેમની ધર્મપત્ની (સુશીલાબેન) તથા તેમના બે પુત્રો (હેમાંગભાઈ, સંદીપભાઈ) સાથે સતત જ્ઞાતિના વિકાસની ચર્ચા કરતાં હતાં. આ કાર્યમાં તેઓ સૌ પણ તેમની સાથે જ હતાં. સ્વ. દિનુભાઈના સ્વર્ગવાસથી ન પુરાય તેવી ખોટ તેમના કુટુંબીજનો પર પડી છે. પરંતુ સાથો સાથ જ્ઞાતિસમાજને પણ પડી છે. પરમ કૃપાળુ પરમાત્મા સ્વર્ગસ્થના આત્માને શાંતિ અર્પે એજ અભ્યર્થના.

| | | |
|---|---|---|
| **ભરત આર. ભટ્ટ** | **કમલેશ જે. ભટ્ટ** | **વિઠ્ઠલરાય જે. ભટ્ટ** |
| **પ્રમુખશ્રી** | **ઉદય એચ. ભટ્ટ** | **ચેરમેન** |
| | **મંત્રીશ્રી** | **શ્રી પ્રા.વ્ર.દવે ફાઉ. ટ્રસ્ટ ફંડ** |

**શ્રી બાજખેડાવાળ કેળવણી અને સંસ્કૃતિ મંડળ, અમદાવાદના**
**સર્વે ટ્રસ્ટીશ્રીઓ, વ્યવસ્થાપક સમિતિના સભ્યો**
**શ્રી પ્રાણલાલ દવે ફાઉન્ડેશન ટ્રસ્ટ ફંડના સર્વેટ્રસ્ટીશ્રીઓ**
**તથા સમસ્ત બાજખેડાવાળ પરિવાર**

## શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા–અમદાવાદ
## વિશિષ્ટ સહાય ફંડ રૂ. ૧૫૫૧/–ના દાતા



### સ્વ. નવીનભાઈ લાલશંકર ઠાકર

*સ્વ. નવીનભાઈનો જન્મ ઉમરેઠ મુકામે થયો. સ્વ. લાલશંકર ઠાકર તથા સ્વ. શારદાબેન લાલશંકર ઠાકરનાં એક માત્ર સંતાન હતા. બાળપણ નાની અને માસીની છત્રછાયામાં વિતાયા બાદ બી.એમ. એલ.એલ.બી. સુધીનો અભ્યાસ અમદાવાદ ખાતે કર્યો. ૧૯૭૩માં ગાંધીનગર સચિવાલયમાં સેક્શન ઓફિસર તરીકે વિવિધ ખાતાઓમાં ફરજ બજાવી. આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગમાં સંયુક્ત સચિવ તરીકે સેવા આપી. નિવૃત્ત થયા. આજીવન ખાદીના વસ્ત્ર ધારણ કરી ગાંધીવાદી વિચારસરણી તેમને વારસામાં મળી હતી. શ્રી નવીનભાઈ ઠાકર એટલે એવું વ્યક્તિત્વ જેમની સેવાઓ, કાર્યનિષ્ઠા અને સૂઝબુઝ વિશે કહેવું હોય તો શબ્દો ઓછા પડે એમનો પ્રેમ, તેમની યાદો, લાગણીસભર આંખો, હળવુ સ્મિત, સદાય અમારી સાથે છે. પ્રભુ તેમના દિવંગત આત્માને શાંતિ અર્પે તેવી પ્રાર્થના.*

**નિલેષ નવીન ઠાકર**     **પિનલ ક્રિષ્ણકાન્ત ભટ્ટ**
**બેલા નિલેષ ઠાકર**     **ડૉ. કૃષ્ણકાન્ત એન. ભટ્ટ**
**અર્ચના અમીત જોષી**
**અમીત અરૂણભાઈ જોષી**
**ક્રિયા, દેવાંશુ, મોર્યા, વેદ, રૂદ્ર, આર્યા**





## શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા–અમદાવાદ
## વિશિષ્ટ સહાય ફંડ રૂ. ૧૫૫૧/–ના દાતા



### સ્વ. નયનાબેન (ભગવતી) નવીનભાઈ ઠાકર

*સ્વ. નયનાબેનનો જન્મ ઉમરેઠ મુકામે સ્વ. સોમેશ્વર મહેતાને સ્વ. સવિતાબેન મહેતાના ઘરે થયો હતો. બાળપણ ઉમરેઠ વિતાવ્યું. બી.એ. સુધીનો અભ્યાસ તલોદ મામાને ઘેર રહીને પૂર્ણ કર્યો. આમ પ્રેમ, લાગણીના સંસ્કારનો વારસો મોસાળમાંથી મળેલ. તેઓનાં લગ્ન નવીનભાઈ ઠાકર સાથે થયા. બાદ તેઓ ગાંધીનગર સ્થાયી થયા. ગાંધીનગરમાં અનેક સામાજિક પ્રવૃત્તિમાં રહેલા. ત્યારબાદ સ્વાધ્યાયની પ્રવૃત્તિમાં રંગાઈ ગયા. હંમેશા ભક્તિમાં રાચનાર, નમ્ર, માયાળુ, સ્વાધ્યાયી, સ્વભાવને કારણે સગાસંબંધી અને સમાજ પાસેથી ચાહના મેળવેલ.*

*“તું હતી તો ઘર, ખરેખર ઘર હતું – માં”*
*“મીઠું તારું આંગણું, એક ઉપવન હતું – માં”*
*“સાવ ખાલીખમ હતું, પણ તું હતી તો – માં”*
*“એમ–લાગે...જીવન પગભર હતું – માં”*
*“તારું હોવું એજ અમારૂં અસ્તિત્વ હતું – માં”*

*આપના દિવ્ય આત્માને મોક્ષગતિ મળે એજ અમારી હૃદયપૂર્વક પ્રાર્થના.*

**નિલેષ નવીન ઠાકર**     **પિનલ ક્રિષ્ણકાન્ત ભટ્ટ**
**બેલા નિલેષ ઠાકર**     **ડૉ. કૃષ્ણકાન્ત એન. ભટ્ટ**
**અર્ચના અમીત જોષી**
**અમીત અરૂણભાઈ જોષી**
**ક્રિયા, દેવાંશુ, મોર્યા, વેદ, રૂદ્ર, આર્યા**

## શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા-અમદાવાદ
## વિશિષ્ટ સહાય ફંડ રૂ. ૧૫૫૧/-ના દાતા



**સ્વ. સ્મિતાબેન રમેશચંદ્ર ભટ્ટ**

*સ્વ. સ્મિતાબેનનો જન્મ તા. ૧-૫-૫૧ના રોજ સ્વ. પરમપૂજ્ય મધુકાન્તાબહેન ભાનુપ્રસાદ શેલતના કુટુંબમાં થયો. પાંચ ભાઈઓની એક માત્ર બહેન સ્વ. સ્મિતાબહેને ખૂબ જ કપરા કાળમાં કુટુંબની આર્થિક પરિસ્થિતિના આધારે પોતાનું જીવન ખૂબ જ સાદગીથી વિતાવ્યું. શ્રી સ્વામિનારાયણ કોલેજમાંથી સોસિયોલોજી વિષય સાથે તેમણે ગ્રેજ્યુએશન (બી.એ. સોસિયોલોજી) પૂર્ણ કર્યું.*

*માતા-પિતા, ભાઈઓ તેમજ પાડોશમાં જ રહેતા કાકા-કાકી, વડીલો, ફોઈ-ફુઆ વગેરે સાથે ખૂબ જ નિર્મળ હૃદયથી સ્નેહસંબંધો જાળવ્યા. કોઈ પણ જણ તે ઉપયોગી થવાની તેમની ભાવનાએ સૌનાં હૃદય જીતી લીધા હતાં.*

*તેમના લગ્ન સ્વ. શ્રી કનૈયાલાલ શિવશંકર ભટ્ટના પુત્ર શ્રી રમેશચંદ્ર કે. ભટ્ટ સાથે તા. ૧૨-૧૨-૭૭માં થયાં હતાં. બે પુત્રો અને એક પુત્રીને ઉચ્ચ સંસ્કાર અને શિક્ષણ પૂરૂં પાડી, પોતાની કુનેહનો પરિચય તેમણે અમો તથા અમારા કુટુંબીજનોને આપ્યો.*

*સન ૨૦૦૨માં સ્વ. સ્મિતાબહેનને લોહી ઘટવાની બિમારી લાગુ પડી. છતાં પોતાના કામકાજથી ક્યારે પણ તેઓ દૂર ન રહ્યા.*

*સતત મહેનતને અંતે તા. ૧૧-૦૬-૨૦૧૩ના રોજ તેમની પૃથ્વી ઉપરની યાત્રા સમેટાઈ જતાં તેઓએ આ ફાની દુનિયાનો ત્યાગ કર્યો.*

*સ્વ. સ્મિતાબહેનની ગેરહાજરી સદા દુ:ખકારક રહે છે. છતાં પરમ કૃપાળુ પરમાત્માની ઈચ્છાને આધીન તેમનો આત્મા વધુ સારી યોનિમાં જન્મ લઈ ફરી અન્ય સર્વેને મદદરૂપ થાય તે પ્રાર્થના પ્રભુને અમો કુટુંબીજનો કરીએ છીએ.*

**એજ - આપના આભારી છીએ**

**રમેશચંદ્ર કે. ભટ્ટ (પતિ)**

*દિગંત રમેશચંદ્ર ભટ્ટ (પુત્ર) નિગમ રમેશચંદ્ર ભટ્ટ (પુત્ર) ધરિત્રી રમેશચંદ્ર ભટ્ટ (પુત્રી)*





## શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા-અમદાવાદ
## વિશિષ્ટ સહાય ફંડ રૂ. ૧૦૦૦૦/-ના દાતા



**સ્વ. વિષ્ણુપ્રસાદ અચરતલાલ શેલત**

*સ્વર્ગવાસ તા. ૧૯-૧૧-૧૯૯૧*

*અમારા પિતાશ્રી પરમ માઈ ભક્ત હતા. તેઓએ રેલ્વેમાં ગુડ્સ કલાર્કતરીકે જુદા જુદા ઠેકાણે ફરજ બજાવી હતી ફરજ બજાવવામાં તેઓશ્રી નિયમિત હતા. ઉમરેઠમાં રહી ભણ્યા-મોટા થયા. તેથી વિધવા બહેનોની કફોડી સ્થિતિ નિહાળી હતી અને કંઈક થોડી ઘણી મદદ કરવી જોઈએ તેવું તેઓશ્રીને લાગતું હતું અને અમોને વિધવા-ત્યક્તા બહેનોની પરીસ્થિતિ વિષે કહેતા હતા. ટુંકો પગાર અને સંતાનોની જવાબદારીના કારણે પોતે કશું કરી શક્યા નહિં. તે ધ્યાનમાં લઈ વિધવા ત્યક્તા ફંડમાં ફૂલ નહિ તો ફૂલની પાંખડી સમર્પિત કરીએ છીએ. અમો સંતોનોની જવાબદારી અદા કરી સંતોષપૂર્વક વિદાય લીધી હતી. તેમના આત્માને પ્રભુ શાંતિ આપે.*

| | |
|---|---|
| **અ.સૌ. પ્રફુલ્લબાળા દિનેશભાઈ મઝમુદાર** | **દિનેશભાઈ મઝમુદાર** |
| **અ.સૌ. કુસુમબેન મુકુંદભાઈ ખંભોળજા** | **મુકુંદભાઈ ખંભોળજા** |
| **અ.સૌ. રક્ષાબેન દીપકભાઈ શેલત** | **દીપકભાઈ વિષ્ણુપ્રસાદ શેલત** |
| **અ.સૌ. અનિલાબેન પીનીકીનભાઈ દવે** | **પીનાકીનભાઈ દવે** |

# શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા-અમદાવાદ
## વિશિષ્ટ સહાય ફંડ રૂ. ૧૫૫૧/-ના દાતા



**સ્વ. અરવિંદભાઈ કાન્તિલાલ ભટ્ટ**

જન્મ તા. ૦૩-૦૫-૧૯૪૩ અક્ષરધામ તા. ૨૭-૦૧-૨૦૧૭

"ગંગા તારી ગોદનો, આ લાડકવાયો લાલ,
કાંન્તિ તારી કિર્તીનું, રાખીને રહેશે નામ."

સદ્‌ગતનો જન્મ માતા શારદાબેન (ગંગાબેન) પિતા કાન્તિલાલ નાથાલાલ ભટ્ટના ગૃહે થયો. બાળપણનો સાથ માતા સાથે વિતાવ્યો. નાની ઉંમરમાં પિતાનો અક્ષરવાસ થયો. મુંબઈ બાજખેડાવાળ યુવા મંડળમાં સાંસ્કૃતિક પ્રવૃત્તિમાં આગળ પડતો ભાગ હંમેશા ભજવતા હતા. નાની વયે ઓ.એન.જી.સી. કંપનીમાં જોડાયા. ૩૪ વર્ષની સર્વિસ પછી તેમણે વી.આર.એસ. લીધું. ત્યારબાદ કુટુંબ કલ્યાણ તેમજ સામાજિક પ્રવૃત્તિઓમાં અગ્રેસર રહેતા. જીવનપર્યાંત ઘણી મુશ્કેલીઓનો યોદ્ધાપૂર્વક સામનો કરતા. સ્વભાવે હસમુખા, મિલનસાર હતા. મિત્રોની કંપની સાથે આનંદકર્તા.

જીવનની ઘણી લીલી સૂકી જોઈને ટીંકી માંદગી બાદ તા. ૨૭-૧-૨૦૧૭ના રોજ અક્ષરધામ પામ્યા.

**હસ્તે.**

**ગં.સ્વ. અંજનાબેન અરવિંદભાઈ ભટ્ટ**

| | |
|---|---|
| **તેમસ અરવિંદભાઈ ભટ્ટ** | **સુધાકર એન. માને** |
| **જ્યોતિ તેજસભાઈ ભટ્ટ** | **હેમાંગીની સુધાકર માને** |
| **સૃષ્ટિ, પુષ્કર** | **મૃદાલી, હની (ગુડુ)** |

**સમસ્ત ભટ્ટ પરિવાર**

## શ્રી બાજખેડાવાળ વયસ્ક નાગરીક મંડળ, નડિયાદ

શ્રી બાજખેડાવાળ હોલ, છાગેશ્વર મહાદેવની બાજુમાં, નડીયાદ-૩૮૭૦૦૧, જી.-ખેડા

ફોન - ૨૫૬૬૩૮૪ (પી.પી.)

બાજખેડાવાળ વયસ્ક વડિલોનું સંમેલન (વાહ...વાહ...) નડિયાદ

શ્રી બાજખેડાવાળ વયસ્ક નાગરિક મંડળ, નડિયાદ પ્રેરિત અને પ્રો. શ્રી સી. કે. ભટ્ટના ઉમદા સંકેતથી "બાજખેડાવાળ વયસ્ક વડિલોનું સંમેલન" જાન્યુઆરી માસમાં યોજવાનું નક્કી કર્યું. શ્રી બાજખેડાવાળ વયસ્ક નાગરિક મંડળ, નડિયાદના પ્રમુખશ્રી રમેશભાઈ દવેના પ્રમુખપદે તા. ૨૭-૧-૨૦૧૭ને શુક્રવારે ગુજરાતના ગામો અને શહેરોમાંથી વયસ્ક વડિલ ભાઈ-બહેનો શિયાળીની ઠંડીમાં પણ સમયસર હાજર રહી સંમેલનનો માહોલ આનંદદાયક બનાવ્યો.

સંમેલનની શરૂઆત આચાર્ય શ્રી ચન્દ્રકાન્ત દવેએ પ્રાર્થના તથા સ્તુતિ કરી અને આર્શિવચન પાઠવ્યા. મુખ્ય ઉદ્‌ઘાટક તરીકે ઉમરેઠનઆ શ્રી સુભાષભાઈ શેલત (માજી મંત્રીશ્રી), મુખ્ય અતિથિશ્રીઓ ડૉ. ભાવિકભાઈ શેલત, પ્રો. સી. કે. ભટ્ટ, શ્રી દેવેન્દ્રભાઈ પંડ્યા, મુખ્ય મહેમાન અજીતભાઈ દવે (પ્રમુખ - હિતવર્ધક સભા) અને પ્રમુખશ્રી રમેશભાઈ દવે દ્વારા દિપ પ્રાગટ્ય કરી સંમેલનનો પ્રારંભ કર્યો.

મંડળના પ્રમુખશ્રી રમેશભાઈ દવેએ આવકાર પ્રવચનશ્રી સૌ વડિલોને આવકાર આપ્યો. મંડળના મંત્રીશ્રી અરવિંદભાઈ દવેએ મંડળના અહેવાલનું વાંચન કર્યું. મુખ્યઅતિથિશ્રી ડૉ. ભાવિકભાઈ શેલત દ્વારા સિનીયર સિટીઝનના શારીરિક, માનસિક, સામાજીક સ્વાસ્થ્યનું માહિતી સભર વિસ્તૃત પ્રવચન કરવામાં આવ્યું. પ્રો. શ્રી સી. કે. ભટ્ટ સાહેબે સીનીયર સીટીઝનને દ્દષ્ટિમાં રાખી તેમને મુંઝવતા પ્રશ્નો તેનો સરળ સમાધાનની ચર્ચા કરી. મુખ્ય ઉદ્‌ઘાટકશ્રી સુભાષભાઈ શેલતે પોતાની આંતરિક સમજ અને જીવન કાર્યકાળ સાથે સંબંધિત એવા વડીલોના જીવન વિષે મંતવ્યો સભર ઉદ્‌બોધન કર્યું.

પ્રથમ સત્રની સભાના સમય સાથે ડાયાબીટીસ ચેકઅપ અને ચશ્માના નંબર ચેક કરી આપવાનું કામ બાજખેડાવાળ હોલના પ્રથમ માળ પર ચાલતું હતું. તેમાં ૧૮૪ વડીલોએ લાભ લીધો.

બપોર પછીના બીજા સત્રની સભામાં શ્રી પ્રો. અશોકભાઈ પંડ્યા (ઝવેરી) દ્વારા "જીવન એક સંઘર્ષ" વિષે સુંદર વ્યાખ્યાન કરાયું. આચાર્ય ડૉ. જગદીશભાઈ દવે મારફતે સરકારશ્રી દ્વારા સિનીયર સીટીઝનને મળતા લાભોની વિસ્તૃત માહિતી પોતાની લાક્ષણિક સરળ છટામાં આપી.

ભારતના પ્રખ્યાત કલાકાર અમદાવાદના વતની શ્રી સિરાઝભાઈ રંગવાળાએ સરળ, સચોટ અને માનનીય મુદ્દાઓને આવરી - લેતો (વાહ....વાહ...) પ્રોગ્રામ પોતાની આગવી લાક્ષણિક અદામાં નાટ્યાત્મક અભિનયથી આપ્યો. સૌ વડીલોએ હાસ્યમાં તરબોળ કર્યો.

આ બંને સભા સત્ર દરમિયાન થોડા થોડા સમયાંતરે ડેલીગેટ પાસ નંબર પ્રમાણે કુલ પાંચ ઈનામી ડ્રો કરવામાં આવ્યા. વિજેતાઓને ઈનામ આપવામાં આવ્યાં.





સવારે ૮.૦૦ થી ૧૦.૩૦ સમય દરમિયાન ૪૮૦ રજીસ્ટર થયેલા ડિલેગેટ્સની સાથે આમંત્રિત મહેમાનોને લાઈવ ઢોકળા-ચા-કોફીનો નાસ્તો અપાયો. બપોરે દુધપાક, પુરી, જલેબી, ઉંધિયુ, સેવ, ચટણી, ગોટા, પુલાવ અને કઢી પાપડ, સલાડનું જમણ અપાયું. વિદાય સમયે ભાથામાં થેપલા-અથાણાનું પેકેટ અપાયા.

સભાને અંતે પ્રમુખશ્રી રમેશભાઈ દવેએ સર્વનો આભાર માન્યો. આ સંમેલનને આર્થિક મદદ કરનાર સર્વે ભાઈ-બહેનોનો આભાર માન્યો હતો. અનેરા આહલાદક આનંદથી સર્વે વિખરાયા.

શ્રી બાજખેડાવાળ વયસ્ક નાગરિક મંડળના કારોબારી સભ્યો અને મંડળના સર્વે સભ્યો બાજખેડાવાળ સમાજના સભ્યો, મહિલા સમાજની બહેનો તથા યુવક સમાજના ભાઈ-બહેનોના સાથ સહકારથી ગુજરાત કક્ષાએ યોજાયેલ પ્રથમ શ્રી બાજખેડાવાળ વયસ્ક વડિલોનું સંમેલન પૂર્ણ થયું. સૌનો સાથ સમાજનો વિકાસ સાર્થક થયો.

સમગ્ર સંમેલન પ્રેક્ષણિય, સરાહનીય તથા ઉદાહરણિય બની રહ્યું તેમ વડિલો દ્વારા પ્રતિભાવ મળ્યા. આ સંમેલનના યુવા એનાઉન્સર આપણા સમાજના દધિચીભઈ ઠાકર - મણીનગરવાળા હતા.

**અરવિંદભાઈ યુ. દવે**
**મંત્રીશ્રી**

## શ્રી ઉમરેઠ બાજખેડાવાળ જ્ઞાતિ સમસ્ત ટ્રસ્ટ

સ્વ. જ. દ. પંડ્યા મેમોરીયલ હોલ, શ્રી ગુરૂદત્તાત્રેય મંદિર, ઓડ બજાર,

ઉમરેઠ-૩૮૮૨૨૦. તા. ઉમરેઠ, જી- આણંદ.

પરમ વંદનીય પ્રાંતઃ સ્મરણીય, સાક્ષાત સ્વરૂપ બીરાજમાન છે. તેવા શ્રી ગુરૂદત્તાત્રેય ભગવાનના શ્રી ચરણોમાં કરેલ વંદના હંમેશા ફળીભૂત પરિપૂર્ણ થાય જ છે. જેનો મને અનુભવ છે તથા ઘણા બધા પરિવારજનોને પણ આ અનુભવ થયો જ છે. જેના પરિણામ સ્વરૂપ આપણે શ્રી દત્તમંદિર પરિસરમાં આવક અનુસાર તબક્કાવાર વિકાસ સાધી શક્યા છે. જેનો યશ હું હંમેશા કહું છે તેમ મારા માત્રને માત્ર નાના-મોટા દાનવીર દાતાશ્રીઓના જ ફાળો જાય છે. તે સર્વે દાતાશ્રીઓને અભિનંદન તથા વંદન.

શ્રી દત્તમંદિર પરિસરની કંપાઉન્ડ વોલ ઊંચી કરવાનું-પ્લાસ્ટર, રંગ રોગાન સહિત પૂર્ણ કરવાનું. મોટા ગેટ બનાવવાનું તથા ૪૪ x ૧૮નો રૂમ બનાવવાનું આયોજન તથા તેનું કામ શરૂ કરવામાં આવ્યું છે. દાતાશ્રીઓનો ખરેખર ખુબ જ પ્રેમસભર સહયોગ મળે છે જે અમને સતત પ્રેરણા અને પ્રોત્સાહન આપે છે તે સમાજની જરૂરિયાત પરિપૂર્ણ થાય છે. ઘણી બધી વાર દાતાશ્રીઓને રૂબરૂ મળ્યા હોઈએ ત્યારે તેમનું ખૂબ જ સાદુ-પ્રેરણાદાયી જીવન સતત અન્યને પ્રેરણા આપે છે અને સમાજ માટે મદદ માટે હંમેશા તત્પરતા દર્શાવતા હોય છે. ત્યારે તેમના માટે આભાર માનવા શબ્દો ઓછા પડે આવા જ દાતાઓ આ મુજબ છે.

રૂ. બે લાખ સ્વ. શ્રી કુંદનલાલ પ્રાણશંકર મહેતા તથા ગં.સ્વ. મહાલક્ષ્મીબેન કુંદનલાલ મહેતાના સ્મરણાર્થે હ. માનનીય શ્રી નિરંજનભાઈ કુંદનલાલ મહેતા તથા નીલાબેન નીરંજનભાઈ

મહેતા – પરિવાર તરફથી શ્રી દત્ત મંદિર પરિસરના વિકાસ હેતુ – રૂમ માટે આભાર સહ પ્રાપ્ત થયા છે. તેઓને પરિવારજનોને વંદન રૂ. ૧૫૦૦૦/– ડો. રમેશભાઈ મનુભાઈ દવે તરફથી સતત સહયોગ મળતો રહ્યો છે. આમ કુલ ૬૨,૧૧૧/– રૂ. તેમના તરફથી અત્યાર સુધી પ્રાપ્ત થયા છે. તેમને તથા પરિવારજનોને વંદન તથા રસોઈ ગૃહ માટે ૧૯ કિલો ગેસનો સીલીંડર શ્રી ડૉ. ભરતભાઈ આર. ભટ્ટ તરફથી આભાર સહ પ્રાપ્ત થયેલ છે. આમ ઉપરોક્ત તમામ દાતાશ્રીઓનો ખૂબ ખૂબ અંતઃકરણપૂર્વક આભાર માનું છું તથા વંદન કરૂં છું આપ સર્વે દાતાશ્રીઓએ સમાજના વિકાસના કાર્યમાં આર્થિક સહયોગ આપ્યો છે જે ખરેખર પ્રશંસાને પાત્ર છે. સર્વને અભિનંદન.

૩૦માં રાષ્ટ્રીય અધિવેશનમાં અંબાજી દર્શન કરી ક્ષીરજામ્બા અધિવેશન માટે દિવસ દરમિયાન રોકાઈ પરત આવવા માટે લાભ લેવા રૂ. ૩૦૦ ભરી વહેલા તે પહેલાના ધોરણે નામ નોંધાવી પાસ મેળવી લેવા વિનંતી.

ઉપરોક્ત ટ્રસ્ટના નામથી ચેક–ડી.ડી. દ્વારા સહયોગ આપવા અનુદાન દેવેન્દ્ર માણેકલાલ પંડ્યા મોઢવાડા, ઉમરેઠ–૩૮૮૨૨૦ મો. ૯૪૨૭૪૦૩૭૬૪, ૯૪૨૮૭૯૯૨૬૮ પર મોકલી આપવા વિનંતી.

**દેવેન્દ્ર માણેકલાલ પંડ્યા**
**પ્રમુખ**

## શ્રી તુળજા ભવાની મંદિર ટ્રસ્ટ

શ્રી તુળજામાતા, મોઢવાડા, ઉમરેઠ–૩૮૮૨૨૦. જી આણંદ (ગુજરાત)

આદ્ય શક્તિ મા શ્રી તુળજા ભવાની પણ સાક્ષાત સ્વરૂપે સર્વેના મનોરથ પૂર્ણ કરે છે અને માઈ ભક્તોને ચિંતામાંથી મુક્ત કરે છે. દરેકને નાના – મોટા અનુભવ થયા હોય છે અને પ્રેરણા બળ મળે છે. આવા જ પ્રેરણામૂર્તિ ઉર્મિલાબેન રમેશચંદ્ર દવે યુ.એસ.એ. તરફથી શ્રી તુળજામાતાને ચાંદીનું મોટું છત્ર અંદાજીત ૭૦૦ ગ્રામ વજનનું રૂ. ૩૩,૦૦૦/–ની કિંમતનું ભેટ પ્રાપ્ત થયેલ છે. તેમનો તથા પરિવાજનોનો ખૂબ ખૂબ આભાર.

“મા શ્રી તુળજા ભવાની’ સૌની મનોકામના પૂર્ણ કરે તેવી અભ્યર્થના સહ સર્વે માઈભક્તોને વંદન.

**દેવેન્દ્ર માણેકલાલ પંડ્યા**
**પ્રમુખ**

## શ્રી અમરેશ્વર મહાદેવ – વારાહી માતા – કાળકા માતા તથા જલારામ બાપા ટ્રસ્ટ ઉમરેઠ

વારાહી માતા મંદિર, વારાહી ચકલ, ઉમરેઠ–૩૮૮૨૨૦ (ગુજરાત)

સવિનય ઉમરેઠથી શ્રી વારાહી માતાના ટ્રસ્ટી મંડળ વતી ટ્રસ્ટના પ્રમુખશ્રી સુરેશભાઈ જોષી જણાવે છે કે ગત વર્ષ વિક્રમ સંવત ૨૦૭૨ અને ઈ.સ. ૨૦૧૬નો શ્રી વારાહી માતાજીનો આસો સુદ – નોમનો વિશ્વ વિખ્યાત હવન શ્રી ગૌરાંગભાઈ કે. ભટ્ટ અમદાવાદ નિવાસીના





યજમાન પદે સંપન્ન થયો. આ હવન પેટે તેઓશ્રીએ રૂ. ૨,૬૦,૦૦૦/– રોકડા ખર્ચ પેટે આપેલ છે અને આ રકમનો સંપૂર્ણ હીસાબ તેઓશ્રીએ સુપ્રત કરેલ છે.

આ હવનમાં આચાર્યશ્રી તથા ગુરૂદેવોની દક્ષિણા તેમ જ હવનનું–મધુપર્ક તથા હવન નિમિત્તે જમણવાર–તથા યજમાને ઉતારેલ મુવી તેમજ ફોટોગ્રાફરનો ખર્ચ વગેરે યજમાને તેમની રીતે ચુકવેલ છે તે ખર્ચ ઉપરોક્ત હવનના ખર્ચમાં આવતો નથી.

વધુમાં વારાહી માતાજીના મુખ પેટે તથા માતાજીના મઢ માટે જે દાતાઓએ ચાંદી તથા રોકડા રૂપિયા આપેલ હતા તેઓશ્રીના નામ અગાઉની પત્રિકામાં જાહેર કરેલા છે.

માતાજીના નવા ચાંદીના મઢમાં કુલ ૧૭ કિલો ચાંદી વપરાય જેમાં આપણને અમદાવાદ નિવાસી જ્ઞાતિબંધુશ્રી દિપકભાઈ નવનીતલાલ ભટ્ટના સ્નેહીઓ

અમારા ધાર્મિક કાર્યક્રમ દરમ્યાન નીચેના દાતાશ્રીઓ તરફથી ચાંદીનું દાન જાહેર કરેલ છે. (૧) ભૂષણભાઈ અશોકભાઈ ભટ્ટ, ધારાસભ્ય, ખાડીયા–અમદાવાદ (૨) દિપકભાઈ નવનીતલાલ ભટ્ટ તથા ગૌરાંગભાઈ ભટ્ટ માતાજી માટે ઉપરોક્ત દાતાઓએ એક–એક કીલો ચાંદીનું દાન આપવાની સ્વરિત પ્રેરણા કરે તેવી આશા છે.

વધુમાં વારાહીમાતાજીનું મુખ તથા વાહનોનું કામકાજ હાલમાં ચાલુ છે તો જ્ઞાતિજનોને ઉદાર હાથે તન–મન–ધનથી સહકાર આપવા વિનંતી છે. અમોને નીચેના મહાનુભાવો તરફથી દાન મળેલ છે તેમનો આભાર માનીએ છીએ

(૧) સલીલભાઈ રસીકભાઈ શેલત – અમદાવા જેઓએ ૧૦–૧૦–૨૦૧૬ના રોજ પાવતી નંબર ૭૩૩ થી રૂ. ૨૫,૦૦૦/–નો ચેક આપેલ છે. (૨) રૂ. ૫૦૧/– સુરેશભઈ દેવશંકર દવે–મુંબઈ (૩) રૂ. ૫૦૦/– નટવરલાલ દેવશંકર દવે – મુંબઈ (૪) રૂ. ૫૦૦/– પુષ્પાબેન નટવરલાલ દવે – મુંબઈ

ફરીથી એક નમ્ર વિનંતી કે ઉપરોક્ત ટ્રસ્ટના નામથી ચેક ડી.ડી. દ્વારા શ્રી સુરેશભાઈ જોષી, પ્રમુખ વારાહી ચકલા, ઉમરેઠ–૩૮૮૨૨૦ ટ્રસ્ટના વિકાસમાં સાથ સહકાર આપશો તથા અપાવશો.

**સુરેશભાઈ જોષી**
**પ્રમુખ**

## શ્રી ગુજરાતી બાજખેડાવાળ જ્ઞાતિ સમાજ

“ૐ નિકેતન”, નં. ૩૨૬, (નવો નં. ૩૮૦), મિન્ટ સ્ટ્રીટ, ચૈન્નઈ–૬૦૦૦૦૩

**સ્પર્ધાઆકારા–૨૦૧૬ (રમતગમત મહોત્સવ)**

સ્પર્ધાઆકારા–૨૦૧૬ (રમતગમત મહોત્સવ)ના અનુસંધાનમાં સહર્ષ જણાવવાનું કે શ્રીમતી વિમળાબેન પ્રાણશંકર દવે તરફથી સમાજને રૂ. ૨૫,૦૦૦/–નું દાન આગામી ક્રિકેટ ટુર્નામેન્ટ આયોજનમાં બહેનો માટે ક્રિકેટ મેચ રમાડવા માટે મળેલ છે. તે બદલ સમાજ શ્રી કે. પી. દવેનો હાર્દિક આભાર વ્યક્ત કરે છે.

**મહા મહિનાની નવરાત્રી**

તા. ૨૮–૧–૧૭ થી ૬–૨–૧૭ દરમ્યાન સમાજના ભવનમાં શ્રી શક્તિ સેવક મંડળ દ્વારા

પ્રતિદિન રાત્રે ભજનનો કાર્યક્રમ રાખવામાં આવેલ જેમાં સારી એવી સંખ્યામાં માઈભક્તો ઉપસ્થિત રહી માના ભજનોના કાર્યક્રમમાં ભાગ લીધો હતો. આ પ્રસંગે પ્રતિવર્ષે મુજબ નવચંડી હવન દશેરા સોમવાર તા. ૬–૨–૧૭ના શ્રીમતી જયાબેન ભગવતલાલ ડોળીયા (વિજયલક્ષ્મી કોર્પોરેશન) પરીવારના યજમાનપદે શ્રી મનિષ દવે ગુરૂદેવના આચાર્ય પદે પુર્ણ શાસ્ત્રોક્ત વિધી અનુસાર પુર્ણાહુતિ થઈ હતી. આ પ્રસંગે સમાજના મહાનુભાવો, ટ્રસ્ટીઓ, કારોબારી સમિતિના સભ્યો ઉપસ્થિત રહી દર્શનનો લાભ લીધો હતો. યજમાન પરિવાર તરફથી મહાપ્રસાદીનું આયોજન કરવામાં આવ્યું હતું.

**ૐ નિકેતન ભવનનો ૨૬મો પાટોત્સવ**

સમાજના ભવનમાં સ્થાપિત મૂર્તિઓના ૨૬માં વર્ષનો પાટોત્સવ રવિવાર તા. ૫–૨–૧૭ના રોજ સવારે ૪.૩૦ થી સાંજે ૫.૩૦ સુધી દરેક ભગવાનનો હવન–અભિષેક–અર્ચન–આરતી સર્વ વિધી શ્રી રોહિત ત્રિવેદી (ગોર) દ્વારા શ્રી વાસુદેવ કે. ડોળીયા પરિવારના મુખ્ય યજમાનપદે તથા શ્રી પ્રાણશંકર જી. દવે પરિવાર શ્રીમતી સુશીલાબેન રમણલાલ દવે પરિવાર, સ્વ. શ્રી નટવરલાલ યુ. દવે પરિવાર, શ્રી ધનલક્ષ્મીબેન જેઠાલાલ ભટ્ટ પરિવા તેમજ અન્ય મહાનુભાવો દ્વારા પૂજાવિધી થઈ હતી. મહાઆરતી બાદ શ્રી શક્તિ સેવક મંડળના ભજન બાદ મહાપ્રસાદીની વ્યવસ્થા સમાજ તરફથી આયોજીત કરવામાં આવેલ જેમાં ૩૦૦ થી વધુ જ્ઞાતિજનોએ ભાગ લીધો હતો.

**આગામી કાર્યક્રમ**

શ્રી શક્તિ સેવક મંડળના સાથ અને સહકારથી ભવનના મંદિરનો પુન:નિર્માણ માટે એક કાર્યક્રમ ગુજરાતના પ્રસિદ્ધ પ.પૂ. ગુરૂજી અશ્વિનકુમાર પાઠકનો જયશ્રી રામ સુંદરકાંડ પાઠનું આયોજન ચેન્નઈમાં ભારતીય વિદ્યાભવનના વાતાનુકૂળ હોલમાં તા. ૮ અને ૯ એપ્રિલ ૨૦૧૭ના રોજ કરવામાં આવેલ છે.

**લલિત એમ. પાઠક** — **પ્રમુખ**
**વિજય આર. દવે /રાજેશ એન. દવે** — **મંત્રીઓ**

## Shree Mumbai Bajkhedawal Samaj

Flat No. 2, "Shreeniketan" Sanyas Ashram Road, Vile Parle (W),
Mumbai-400056. Te. 26713109

સર્વે જ્ઞાતિજનોને સવિનય જણાવવાનું કે શ્રી મુંબઈ બાજખેડાવાળ સમાજ છેલ્લા કેટલાય વર્ષોથી આર્થિક તંગી અનુભવતા જ્ઞાતિજનોને યોગ્ય આર્થિક સહાય (જેમ કે વિધવા સહાય, વરિષ્ઠ નાગરિક સહાય વિદ્યાર્થી સહાય અને ગંભીર બીમારીથી પીડાતી વ્યક્તિઓને) આપવામાં આવે છે.

આ વર્ષે કુલ ૧૨૦ અરજીઓ આવી છે, તેમાંથી અમુક અરજીઓ પુરતા દસ્તાવેજના અભાવે રદ કરવામાં આવી છે. યોગ્ય અરજદારોને સહાયની રકમ તેમના બેંક ખાતામાં તા. ૩૧–૦૦૩–૨૦૧૭ પહેલા જમા કરી દેવામાં આવશે.

